શ્રીમાન માંગધ્રાનરેશ મહારાણા શ્રી ઘનશ્યામ-
સિંહજી મહારાજાશ્રિત

શ્રી આર્ય નાટય સમાજના

દેવી વત્સલા

અથવા

ઇશ્વરી માયા પ્રભાવ

નામક નાટકનો

સંક્ષિપ્ત સાર અને ગાયનો

રચનાર

[illegible] દયારામ હીરેહી એન્જીનીયર.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી આર્ય નાટય સમાજના સ્વર્ગવાસી સ્વામી
રા. મોતીરામ બેચર નંદવાણાનાં વિધવા
બાઇ શ્યામકુવરબાઇ

કરાચી—(સીંધ)

હિંદબંધુ પ્રેસમાં હ. વા. ઠાકરે છાપી—

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

વિક્રમાર્ક ૧૯૭૨ ઈ. સ. ૧૯૧૬

જીંદગીના બે કટા શત્રુઓ

પ્લેગ અને કોલેરા

એ મહાન શત્રુઓથી બચવાને માટે ફકત એકજ ઇલાજ છે તે અમારી સ્પેશીઆ લીસ્ટ અને બહુ માન પામેલી દવા ગુલશને હેરત અને ગુલશને અમૃત છે તેની ખાત્રી માટે સેકડો સરટીફીકેટો જોવા માટે મોજુદ છે

નિરાશામાં આશા

તે શુ ?

અમારી અકબરી ચુનાની ચાકુતિ—ગમે તે કારણથી ના તાકાતદાર અને ઢીલા પડી ગએલા બદનને બલીષ્ટ બનાવવા માટે એક ચોકસ આશીર્વાદ સમાન છે કીમત ૧૮ ગોળાની ડબીના રૂા. ૨–૮–૦

ચુનાની લેપ તથા તેલ— નસોની કમજોરી માટે અત્યાર સુધી બીન તકરારે અચુકપણે ખાત્રી લાયક ઇલાજ નીવડયો છે. લેપની કીમત ડબી એકનો રૂા. ૧–૮–૦ તેલ શીશી એકનો રૂા. ૧–૮–૦ તેમજ અમારા દવાખાનામા શુદ્ધ દેશી વનસ્પતિના સત્વો કાઢી બનાવેલી સારમા પરિક્ષા એક બગડી ગએલા લોહીને સુધારવા માટે પુરવાર થએલી ઉતમ દવા છે અગારૂં નાના બચ્ચાઓ માટે બાલક બચાવ મીક્ષ્ચર ખરેખર ભરૂસેદાર ચોકસ દવા તરીકે મુલક મશહુર નીવડી છે.

અમારૂં શીરનામું

હકીમ ચચળદાસ ભાવનદાસ નાડી વૈદ્ય.

ઠે. ડેન્સોહોલની બાજુમા, ડોસાભાઇ રાયસીની જગામાં, કરાચી.

મેતા એન્ડ વિધાની ફોટો આર્ટ

સ્ટુડીઓ

જયાં એનલાર્જીંગ, ઓઇલ પેઇટીંગ, બ્લેક અને વાઇટ, સીપીયા ટાઇપ, વોટર કલર, તથા ક્રીશ્ટોલીઅમ પેઇન્ટીંગ વિગેરેનું દીલકશ કામ અપટુડેટ ફેશોનમાં કરી આપવાનું માથે લઇએ છીએ, અને લાઇકનેસની ગેરટી આપીએ છીએ.

સ્કેચ પોરટ્રેટનુ વર્ક ઘણીજ સરસ રીતે ફીનીશ કરવામાં આવે છે.

અરજન્ટો ટાઇપનુ વર્ક મેતા એન્ડ વિધાની એકુલાજ કરે છે.

સ્ટુડીઓ પોરટ્રેડ વર્ક, બ્રોમાઇડ, સીપીયા ટાઇપ, કોપર ટાઇપ. પી ઓ. પી. તેમ દરેક પ્રકારનું ફોટોગ્રાફીક વર્ક અમારે ત્યાં ફીનીશ થય છે. આઉટ ડોર પોરટ્રેટ તથા ગ્રુપ વર્ક ઓર્ડર મળવે તુરત બજાવવામાં આવગે.

બચ્ચાંઓના ફોટોગ્રફ મેતા એન્ડ વિધાની અચુક પણે કાળજીપુર્વક કામ કરી .રાકોનુ મન પસદ કરવાની ગેરંટી આપે છે.

સ્ટુડીઓના દરરોજ વર્કીંગ કલાસ સવારના ૯ થી સાંજના ૬ સુધી.

મેતા એન્ડ વીધાની
ફોટોગ્રાફીક આરટીસ્ટ.

બંદર રોડ, કરાચી

અમારા બે બોલ

શ્રી આર્ય નાટય સમાજના માયાળુ માલિક મોતીરામ ભાઇના સ્વર્ગવાસ પછી ભજવાયેલા દેવી દ્રૌપદી નામક નાટકમાં અમારો પ્રયત્ન ઇશ્વર કૃપાથી બહુધા સફળ થયો છે. છતાં પણ દુર્ભાગ્યવશાત શ્રી આર્ય નાટય સમાજની સ્થીતિ જોઇએ તેવી સારી ન હોવાથી, કંપનીના તમામ માણુસોએ કંપનીને કાયમ ટકાવી રાખવા, છ માસ સુધી અર્ધા પગારે નોકરી કરવાનો જે લાગણી ભર્યો સ્તુત્ય પ્રયત્ન કર્યો છે તેને માટે તેઓ હઝારો ધન્યવાદને પાત્ર છે. સર્વ માણુસોની માલિક અને કંપની તરફની આટલી બધી મમત થી કૃપાળુ પરમત્માનો કૃપાકટાક્ષ મેળવી પોતાના પ્રયત્નોમાં નિરંતર સફળતા મેળવી શકે એવી મારી શુદ્ધ હૃદયની ભાવના છે.

અમારો દેવી વત્સલા નામનો નૂતન નાટય પ્રયોગ એક વર્ષ અગાઉ રા. ગણુપતરામ બેચરદાસ નાયકના હાથથી સાદી અને સરળ ભાષામા લખાયેલો, તે શ્રી આર્ય નાટય સમાજને ભજવવાની ઉત્કંઠા થતાં રા. ગણુપતરામની ભાષા તરફની અનભિજ્ઞતા હોવાને લીધે રા. પ્રભુલાલ દયારામને સુધારવા માટે આપ્યો, અને સંપુર્ણ સુધારા વધારા સાથે

લઇને નવીન રૂપમાં પ્રેક્ષક વર્ગ સમક્ષ રજુ કરી શકયા છીએ. આ નાટક કંપનીની વિલક્ષણ પરિસ્થિતિ અને પ્રતિકુળ સંજોગો વચ્ચે પ્રેક્ષક વર્ગની સમક્ષ રજુ થતુ હોવાથી કોઇ પણ પ્રકારની ન્યુનતા કિંવા દોષ, દ્રષ્ટિ ગોચર થાય તો તે ક્ષમા કરવાની સુજ્ઞ પ્રેક્ષકોને સવિનય વિનતિ છે

કરાંચીની કદરદાન પ્રજાએ અમારા દેવી દ્રૌપદી નાટકને આદર પાત્ર ગણી અમારી જે કદર બુઝી છે, ને કંપની તરફ જે લાગણી દર્શાવી છે તેવીજ નિરંતર રહ્યા કરે અને પોતાનો ઉદાર હસ્ત લંબાવ્યા કરે એવી પ્રાર્થના છે, કે જેથી અમારો ઉત્સાહ દિનપ્રતિદિન વૃદ્ધિમાન થાય અને નૂતન પ્રયોગોથી પ્રજાનુ મન રંજન કરી શકાય ઇત્યલમ.

પારસી નવરોજ થીએટર
કરાચી તા. ૭મી જુન
૧૯૧૬ બુધવાર

સેવક
પ્રાણસુખ હરિચંદ નાયક
ડાયરેક્ટર શ્રી આર્ય નાટ્ય સમાજ



ॐ

દેવી વત્સલા

અથવા

રાક્ષસી માયા પ્રભાવ

નામક નાટકનો પ્રવેશાનુક્રમે સંક્ષિપ્ત સાર

પ્રારંભમાં નાન્દી.

અંક પહેલો.

પ્રવેશ ૧ લો—વત્સલાનું વિહારોદ્યાન—વત્સલાનો સહચરીઓ સાથે હાસ્ય વિનોદ, ત્યાં બળરામનું આગમન, અને તેનો લગ્ન સંબંધ અભિમન્યુ સાથે કરવાનો હતો, તે અટકાવી દુર્યોધનના યુવરાજ લક્ષ્મણ સાથે કરવાનું જણાવી તેની સમ્મતિ માગવી. વત્સલાને તે વાત અપ્રીય લાગવાથી સ્પષ્ટ જવાબ ન આપતાં તે કાર્યભાર કૃષ્ણના શીરપર મુકી દે છે. બળરામ કૃષ્ણની સલાહ લેવાનું કબુલ કરે છે. ત્યાં કૃષ્ણનું આગમન, બન્ને ભાઈઓ વચ્ચે વત્સલાના લગ્ન સંબંધી વાતચીત તેમાં કૃષ્ણની સલાહ. કૃષ્ણ વત્સલાની મનો ભાવના જાણતા હોવાથી અભિમન્યુ સાથેના સંબંધ ન તોડવા બળરામને સમજાવે છે. પરંતુ બળરામ હઠાગ્રહને આધીન થઈ પોતાનીજ ધારણા સિદ્ધ કરવા અને દુર્યોધન હસ્તિનાપુર

લગ્ન પત્રિકા મોકલવા ઉશ્કેરાઇ ચાલ્યા જાય છે. પછી વત્સલા પોતાનું ધાર્યું થવા કૃષ્ણને આર્જવ કરે છે. કૃષ્ણ તેને દિલાસો આપી વિદાય કરે છે પછીથી બળરામની ધારણા નિષ્ફળ કરવાનો નિશ્ચય કરી પોતાની મહાન શકિત માયાને બોલાવે છે. માયાનું પ્રગટ થવું. તેને વત્સલા હરણની અભિનાષા અમુક વ્યકિતના હૃદયમાં જાગ્રત કરવાની આજ્ઞા. પછીથી માયા તથા સિદ્ધિઓનો ગરબો ગાવો.

પ્રવેશ ૨ જો—હસ્તિનાપુર પાસેનુ જગલ-અભિમન્યુ લક્ષ્મણ વીગેરે રાજ કુમારો શિકારે નિકળેના છે તેમા એક સિહના શિકાર માટે પરસ્પર તકરાર થાય છે. ત્યા દ્વારિકાથી બળરામે આપેલી લગ્ન પત્રિકા લાવનાર બ્રાહ્મણ વચ્ચે પડે છે. અને બળરામનો પુરોહિત હોવાનુ જણાવે છે જેથી લક્ષ્મણ તે લગ્ન પત્રિકા લઇ વાચે છે પોતાના લગ્ન થવાના જાણી હર્ષાવેશમાં તકરારનો અત લાવી અભિમન્યુનું અપમાન કરી બ્રાહ્મણ સાથે ચાલ્યો જાયછે-સર્વના ગયા પછી થયેલા અપમાન માટે અભિમન્યુનો સતાપ

પ્રવેશ ૩ જો—દુર્યોધનનુ મત્ર ગૃહ-રાજ સભામા ભિષ્મથી પાડવોની પ્રસશા સાભળી દુર્યોધન ઉશ્કેરાઇ મંત્ર ગૃહમાં શકુની વીગેરેની સાથે આવે છે પાડવોનો નાશ શી રીતે થાય તે બાબત વિચાર કરે છે. ત્યા બ્રાહ્મણ લગ્ન પત્રિકા લાવે છે લક્ષ્મણના લગ્નના સમાચાર સાભળી દુર્યોધન હર્ષિત થાય છે. અને જાન લઇ જવાની તૈયારીની આજ્ઞા આપી, નૃત્ય ગાનથી આનદમાં વૃદ્ધિ કરે છે.

પ્રવેશ ૪ થો—હસ્તિના પુરમાં સુભદ્રાનો આવાસ-પોતાની પરિસ્થિતિ માટે પરિતાપ કરતી સુભદ્રા પાસે અપમાનથી ઉદાસ થએલો અભિમન્યુ આવે છે સુભદ્રા તેને ઉદાસિનતાનુ કારણ પુછે છે. અભિમન્યુ સત્ય બીના જાહેર કરી નીરાશ થાય છે. સુભદ્રા તેને મેણા ટોણાથી કાર્ય સિદ્ધિ માટે ઉશ્કેરે છે. અને માતા પુત્ર વત્સલ્યાનુ હરણ કરવા દ્વારિકા ભણી વિદાય થાય છે,

પ્રવેશ ૫ મો—સ્થળ ઉપવન-દ્વારિકા જતાં રસ્તામા વિશ્રાંતિ લેવા માટે દુર્યોધને નાખેલી છાવણીમાથી લક્ષ્મણ સૃષ્ટિ સૌન્દર્ય નીરખવા ઉપવનમા આવી પોતાના લગ્ન માટે પુછાય છે ત્યાં દુર્યોધનના મિત્ર યાદવ કૃત વર્માની પુત્રી વૃંદા પણ તે ઉપવનમાં આવે છે લક્ષ્મણ તેની પાસે પ્રેમ યાચના કરે છે. વૃંદા તેને ઓળખી અપમાન કરી ચાલી જાય છે જેથી લક્ષ્મણ ક્રોધે ભરાય છે. ત્યા શકુની આવી તેને શિખામણ આપી પોતાની સાથે લઇ જાય છે.

પ્રવેશ ૬ ઠો—હેડંબા વન દ્વારિકા જતા સુભદ્રા અને અભિમન્યુ ભુલાં પડવાથી ભયકર હેડંબા વનમાં આવી ચડે છે. રસ્તો ન સુજવાથી સુભદ્રાને એક જળાશય ઉપર બેસવાનુ કહી અભિમન્યુ અગ્ન્યાસ્ત્ર બાણથી વન સળગાવે છે પોતાના વનને સળગતુ જોઇ. ભીષણ પરાક્રમી ઘટોત્કચ પ્રગટ થાય છે અભિમન્યુ સાથે યુદ્ધ કરી તેને મુર્છિત કરી ચાલ્યો જાય છે સુભદ્રા આવી પોતાના પુત્રને મરણ પામેલો જોઇ વિલાપ કરે છે. તેનો કરૂણામય વિલાપ સાંભળી હેડંબા આવે છે. સુભદ્રાને આશ્વાસન આપી

પોતાના દીયર અર્જુનની પત્ની જાણી સંતાપ કરે છે ત્યાં ઘટોત્કચનું આગમન, હેડંબાએ તેનો કરેલો તિરસ્કાર, ઘટોત્કચનો બંધુ વધ માટેનો પશ્ચાતાપ કરી આત્મઘાતની તૈયારી કરતાં, પીયુષ વલ્લી હેડંબાની નજરે પડવાથી ઘટોત્કચને તેનો રસ કરી અભિમન્યુના મુખમા રેડવાની આજ્ઞા; ઘટોત્કચના તે પ્રયત્નથી અભિમન્યુનુ પુર્નજીવન, ઘટોત્કચને મારવા ધસી જવુ, સુભદ્રાએ તેને અટકાવવા અને જેષ્ટ ભ્રાતા તરીકે ઓળખાણ આપવાથી અભિમન્યુનુ આશ્ચર્ય ચકિત થવું

ટેબ્લો

પ્રવેશ ૭ મો—પુષ્પ વાટિકા વત્સલા પોતાની પ્રીય સખી ચદ્રિકા સાથે દેવ પુજન માટે આવેલી ત્યાથી રાજ મહાલયમા ન જતાં પોતાના એકાત આવાસમા જાય છે અને રાત્રી થતાં સુધી અભિમન્યુ ન મળે તો આત્મહત્યાનો નિશ્ચય કરે છે ચદ્રિકા તેને તે સાહસ ન કરવાનુ સમજાવી એકાન્ત વાસમા મોકલી પોતે કૃષ્ણ પાસે જવા તૈયાર થાય છે. ત્યા ઘટોત્કચ આવે છે અને બનેની ઓળખાણ થાય છે કેટલીક કસોટી થયા બાદ ચદ્રિકા વત્સલાનુ હરણ કેવી રીતે કરવું, તે બધુ ઘટોત્કચને બતાવે છે. ઘટોત્કચ અભિમન્યુને લાવવા માટે જાય છે પછીથી ઘટોત્કચના સાહસ, શૌર્ય, અને સ્વરૂપ પર ચંદ્રિકા મોહિત થાય છે પ્રેમાંકુર ઉદ્ભવ થવાથી તેનેજ વરવાનો નિશ્ચય કરી જાય છે.

પ્રવેશ ૮ મો—વત્સલાનો એકાન્ત વાસ વિરહ ઘેલી વત્સલા આજુબાજુના પ્રતિકુળ સજોગોથી તથા સ્વામી મીલનમાં નિરાશ

થવાથી ઉન્માદી બનેલી છે ત્યાં દ્વારકાથી દુર પડેલી છાવણીમાં થી છુપી રીતે છટકેલો પ્રેમ ઘેલો લક્ષ્મણ આવી પ્રેમ યાચના કરે છે. વત્સલા અભિમન્યુને વરી ચુકી છે એવું કહી તેનો તિરસ્કાર કરે છે, જેથી લક્ષ્મણ ક્રોધે ભરાઇ બળાત્કારથી વશ કરવા તત્પર થાય છે. વત્સલા સ્હાય માટે પોકાર કરે છે. ત્યાં અભિમન્યુ દોડી આવી વત્સલાને બચાવે છે જેથી ઉદ્ધત લક્ષ્મણ અભિમન્યુ ની સામે શસ્ત્ર લઇ પ્રહાર કરવા દોડે છે તેટલામા માયાવી વીર ઘટોત્કચ પ્રગટ થઇ લક્ષ્મણને લઇ નીચે પટકી આ વાત છુપી રાખવા ધમકી આપે છે. મદત માટે દોડી આવેલા પ્રતીહારોનો ઘાત કરી અભિમન્યુને માયા પ્રભાવથી આકાશ માર્ગે વત્સલા સાથે ગુપ્ત આગારમા વિદાય કરે છે લક્ષ્મણ ભય અને આશ્ચર્ય માં પડી જાય છે

ટેબ્લો

અંક બીજો.

પ્રવેશ ૧ લો—દુર્યોધનની છાવણી—વારાંગનાઓના નૃત્યગાનથી પોતાનું દુઃખ અને અપમાન ભૂલી જવા પ્રયત્ન કરતા લક્ષ્મણ ત્યા દુર્યોધન તથા શકુનીનુ આવવુ, લક્ષ્મણની અભિમન્યુ વત્સલાને ઉપાડી ગયો એવી ફરિયાદ, દુર્યોધન તે વાતને હસી કહાડી લક્ષ્મણ ના મનનું સમાધાન કરી તેને વિદાય કરે છે પછી બન્નેનો તે વિચિત્ર ઘટના ઉપર વિચાર અને વત્સલાએ યુક્તિથી પ્રત્યક્ષ જોવાનો ઠરાવ કરી જવુ.

પ્રવેશ ૨ જો—શ્રી કૃષ્ણનુ વિહાર સ્થાન-વિરહ ઘેલી કાલિંદીનો સખીઓ સાથે વાણીવિનોદ કૃષ્ણનુ આગમન ઉભયનો પ્રેમાલાપ ત્યાં ઘટોત્કચ આવતાં કાલિંદીનુ જવુ પછીથી કૃષ્ણ અને ઘટોત્કચની વત્સલા હરણ અને કૌરવોને છેતરવા સબંધી સલાહ, ઘટોત્કચનો વત્સલા સ્વરૂપે રહેવાનો નિશ્ચય, અને તેના બધુ પ્રેમ માટે કૃષ્ણનો તેને ધન્યવાદ, ત્યાર બાદ કર્મનાં ફળ સંબંધી ઉપદેશ.

પ્રવેશ ૩ જો—અભિમન્યુનો ગુપ્ત આવાસ-ચદ્રિકા અને વત્સલાનો હાસ્યવિનોદ ત્યા અભિમન્યુનું આગમન ગટોત્કચની સહચરી થવાનુ ચદ્રિકા પાસેથી વચન લઇ વિદાય કરવી. પછી પ્રેમી યુગ્મનુ પરસ્પર દાંપત્યે ધર્મ કથન ત્યા એક દાસીનું ઘટોત્કચના કુશળ સમાચાર લઇ આવવુ તેથી ઉભયનુ હર્ષિત થવું પત્રમા કરેલી ભલામણ અનુસાર અભિમન્યુની વત્સલા પાસે ગાધર્વ લગ્નની માંગણી, પરતુ વત્સલા જ્યા સુધી કૃષ્ણની અનુમતી ન મળે ત્યાં સુધી તે કાર્ય મુલતવી રાખવા વિનતિ કરે છે દરમ્યાન અચાનક અંતર્યામી કૃષ્ણનુ આગમન દપતિને ધન્યવાદ અને પોતાના પુનિત હાથે દપતિનો હસ્તમેળાપ

પ્રવેશ ૪ થો—બળરામનો આવાસ-બળરામની દુર્યોધનને મળવાની આતુરતા કૃષ્ણ સહિત દુર્યોધનનુ આગમન, પરસ્પર કુશળ સમાચાર પુછાયા બાદ દુર્યોધન તથા શકુની વત્સલા આ લગ્નમા અસમ્મત છે, એવી શકા કરે છે. લક્ષ્મણ તેમા ખાત્રી આપે છે. જેથી કૃષ્ણ વત્સલા સ્વરૂપમાં રહેલા ઘટોત્કચને લાવી સર્વની શંકા દુર

કરી સર્વને ભોજનાલય તરફ લઇ જાય છે. પછીથી શકુનીનો લક્ષ્મણને ઠપકો લક્ષ્મણની ઉદ્ધતાઇ અને શકુનીની તેને શીખામણ.

પ્રવેશ ૫ મો—ઘટોત્કચનું રાક્ષસી માયા પ્રભાવશાળી બજાર. મણી માણીક્યાદિ વેચવાના માયાવી અમુલ્ય સાધનો સહિત ચંદ્રિકા બેઠી છે, ત્યા દ્વારિકાની શોભા નિરખતી ભાનુમતી પોતાના સ્ત્રી સમાજ સાથે આવે છે, ચંદ્રિકાથી કેટનીક રકઝક થયા બાદ મનમાની કીમત આપી સર્વ આભુષણો ખરીદી ચાલી જાય છે. બાદ ચંદ્રિકા તે કપટ વ્યાપારને સંકેલી લેવા વિચાર કરે છે. ત્યા ઘટોત્કચે આગલે દિવસ આપેલા કરોડો મહોરની કિંમતના રત્નો બીજે દિવસે જુઠ્ઠા જણાવાથી ઉશ્કેરાએલો દુર્યોધન તે કપટી વ્યાપારીની શોધ કરતો આવે છે ચંદ્રિકાને જોઇ કપટી વ્યાપારીની સ્હાય કારિણી ધારી ગુન્હેગાર કયા છુપાયો છે, તે મનાવવા જુલમ ગુજારે છે ત્યા માયાવી વીર ઘટોત્કચ પ્રગટ થઇ ચંદ્રિકાને છોડાવી વિદાય કરી દે છે પછીથી કપટ વ્યાપારથી ક્રોધે ભરાએલો દુર્યોધન અને ઘટોત્કચની તકરાર. અંતે દુર્યોધન ઘટોત્કચને શિક્ષા કરવા ધસે છે ત્યા ઘટોત્કચ પોતાના માયાવી સાથીઓ સહિત અદ્રશ્ય થાય છે અને દુર્યોધન તથા દુસાસન હાથ ઘસતા ક્રોધમા ડુબ્યા જાય છે.

ટેબ્લો.

પ્રવેશ ૬ ઠ્ઠો—વૃન્દાનો પોતાની સહચરીઓ સાથે પ્રીયતમની પસંદગી સંબંધી વિનોદ પરસ્પર મીઠી મશ્કરી અને પ્રેમઘેલી કુમારિકાના આશાભર્યા ઉદ્ગાર.

પ્રવેશ ૭ મો—લગ્ન મંડપ—યાદવ અને કૌરવ સમક્ષ લક્ષ્મણ અને વત્સલાના સ્વરૂપે રહેલા ઘટોત્કચના લગ્નમાંગલ્યથી દુર્યોધન હર્ષથી ફુલાઈ જાય છે અને આનંદના ઉભરાઓ કાઢે છે ત્યાં સર્વને આશ્ચર્ય પમાડતો વીર ઘટોત્કચ વનિતા વેશ ત્યાગ કરી સત્ય સ્વરૂપના પ્રગટ થાય છે તે વિચિત્ર ચિત્ર નિહાળી દુર્યોધન બળ-રામ વીગેરે આશ્ચર્ય પામતા ક્રોધે ભરાઈ તેને પકડવા ધસે છે પરંતુ ઘટોત્કચ રાક્ષસી માયા પ્રભાવ બતાવી હાથતાળી જવાબ આપી સર્વ મહાવીની આંખોમાં ધુળ નાખી અદ્રશ્ય થઈ જાય છે.

ટેબ્લો.

અંક ત્રીજો.

સંદર્ભ—હિડંબા વનમાં રહેલા સુભદ્રા અને હિડંબા અભિમન્યુ અને ઘટોત્કચના કંઈ સમાચાર ન મળવાથી દ્વારિકા આવી અભિમન્યુને મળેલાં છે અને ઘટોત્કચની રાહ જોઈ રહ્યાં છે.

પ્રવેશ ૧ લો—ગુપ્ત આવાસ—આ તુ બાજુ વિચિત્ર સંજોગો માટે સુભદ્રા પરિતાપ કરી રહી છે ત્યાં હિડંબા આવી તેનું સાંત્વન કરે છે ત્યાર બાદ અભિમન્યુ અને ગતિકા આવતા ઘટોત્કચના કુશળ સમાચાર મેળવી હર્ષિત થાય છે. પછી ઘટો-ત્કચનું આગમન, માતા પુત્રનો મેળાપ, કૌરવો અને યાદવો સાથે

યુદ્ધની તૈયારી યુદ્ધનું આમંત્રણ આપવા ઘટોત્કચનું જવું. સર્વના ગયા પછી અભિમન્યુની વત્સલા પાસેથી રણભૂમી તરફ પ્રેમ ભરી વિદાયગિરી.

પ્રવેશ ૨ જો—યાદવોનું મંત્રગૃહ—દુર્યોધન બળરામ વિગેરે ઘટોત્કચને શીક્ષા કરવા ઉત્સુક બની ગયા છે; ત્યાં ઘટોત્કચ અચાનક પ્રગટ થઈ યુદ્ધનું આમંત્રણ આપી ચાલ્યો જાય છે, પછીથી સર્વની યુદ્ધ માટે તૈયારી.

પ્રવેશ ૩ જો—રણભૂમિ—અભિમન્યુનું કર્ણ તથા દુશાશન સાથે યુદ્ધ થતાં બન્નેને મુર્છિત કરે છે. પછીથી દુર્યોધન આવતાં તેની સાથેના યુદ્ધમા અભિમન્યુ ચેતન રહિત થાય છે તેની મદત માટે ઘટોત્કચ દોડી આવી દુર્યોધનને ભૂમી શયન કરાવી બદલો લે છે. અને અભિમન્યુને સાવધ કરવા તૈયારી કરે છે. ત્યા બળરામનું આગમન તેની સાથે ઘટોત્કચનું યુદ્ધ અને બળરામના હાથે તેનો પરાજ્ય તથા વધ કરવાની તૈયારી. ત્યાં કૃષ્ણ પ્રગટ થઇ અપકાર પર ઉપકારનો ઉપદેશ આપી બળરામને અટકાવે છે. તથા સર્વ કૌરવોને સુધાભરી દ્રષ્ટિથી સાવધ કરે છે. દુર્યોધન વિગેરે કૃષ્ણને જોઇ આશ્ચર્ય ચકિત થાય છે.

ટેબ્લો.

પ્રવેશ ૪ થો—બળરામનું મંત્રગૃહ—કૃષ્ણ બળરામને ઉપદેશ આપી ઘટોત્કચ સાથેના વૈરનુ વિસ્મરણ કરાવી શાન્તિનુ સામ્રાજય

ફેલાવે છે. ત્યાં દુર્યોધન તથા શકુની આવતાં તેને સમજાવી સંપ સલાહથી લક્ષ્મણનાં લગ્ન વૃંદા સાથે કરવાનું નક્કી કરી સર્વ જાય છે

પ્રવેશ ૫ મો—નિરાશ થએલા લક્ષ્મણનો પરિતાપ, તેને શકુની શાન્તિ આપી વૃન્દા સાથેના લગ્નનુ જણાવી આનંદિત બનાવી વિદાય થાય છે. પછી વૃન્દાનું આગમન થતાં દંપતિની પ્રેમ ચેષ્ટાઓ.

પ્રવેશ ૬ ઠ્ઠો—રાજ્ય ભૂવન—સર્વ યાદવ અને કૌરવોની સમક્ષ કૃષ્ણ, ઘટોત્કચ અભિમન્યુ અને વત્સલાને ધન્યવાદ આપી ઘટોત્કચનો ચંદ્રિકા તથા વૃન્દા અને લક્ષ્માણ બન્ને દંપતિનો હસ્ત મેળાપ કરે છે. અને સર્વત્ર આનંદ



નાટકના પાત્રો

પુરૂષ પાત્રો

શ્રીકૃષ્ણ પરમાત્મા—આ વિશ્વ વિખ્યાત વિભૂતિના પરિચયની આવશ્યકતા નથી

બળરામ—શ્રી કૃષ્ણના વડીલ બંધુ અને કૌરવોના પક્ષપાતી

અભિમન્યુ—પ્રતાપી પાંડવ અર્જુનનો કુમાર.

ઘટોત્કચ—વીર ભીમસેનનો પ્રચંડ પરાક્રમી અને માયાવી પુત્ર.

દુર્યોધન—હસ્તિનાપુરનો રાજા, કૌરવોનો નેતા દુષ્ટાત્મા.

દુશાશન—દુર્યોધનનો કનિષ્ટ બંધુ

કર્ણ—અંગ દેશનો રાજા, દુર્યોધનનો આશ્રિત અને સલાહકાર

શકુની—દુર્યોધનનો મામો પ્રપંચની પ્રતિમા

લક્ષ્મણ—દુર્યોધનનો ઉદ્ધત અને મુર્ખ કુમાર.

કૃતવર્મા—એક યાદવ સેનાપતિ દુર્યોધનનો મીત્ર.

ભાનુ—ચંદ્રક અને ચાતુરક,—લક્ષ્મણના મીત્રો

બ્રાહ્મણ—બળરામનો પુરોહિત વજ્રદંડ—ઘટોત્કચનો સેવક

એ ઉપરાંત, પ્રતિહારી, સૈનિકો. જાનૈયા, વીગેરે.

સ્ત્રી પાત્રો

વત્સલા—બળરામની તનયા, અને અભિમન્યુની પ્રીયતમા

ચંદ્રિકા—વત્સલાની પ્રીય સહચરી, એક નિરાધાર, સદ્‌ગુણ સંપન્ન કુમારિકા પાછીથી ઘટોત્કચની અર્ધાંગના

વૃંદા—કૃતવર્માની પુત્રી અને લક્ષ્મણની પ્રીયતમા

સુભદ્રા—અર્જુનની પત્ની, શ્રીકૃષ્ણની ભગિની અને અભિમન્યુની વીર માતા.

હિડંબા—મહાવીર ભીમસેનની પત્ની અને ઘટોત્કચની માતા

કાલિંદી—શ્રી કૃષ્ણની આઠ પટરાણીઓમાંની એક પટરાણી

ભાનુમતિ—મદાંધ દુર્યોધનની અભિમાની પટરાણી ઉપરાંત દાસીઓ, સખીઓ, ઇત્યાદિ.

સ્થળ—દ્વારિકાં, હસ્તિનાપુર, વીગેરે.



श्री गणेशाय नमः

શ્રી આર્ય નાટય સમાજ

દેવી વત્સલા

અથવા

રાક્ષસી માયા પ્રભાવ

ખેલનાં ગાયનો

નાન્દી

બાળાઓ

મમ નમન શ્રી પતિને
એ સ્મરતાં અઘહર શુભકર કુમતિને—
ધર્ન તિમ: હર વિશ્વ નાયક
શ્રવણ સુખકર બુદ્ધિ દાયક, વિમલ ભી સર્વને
હર વિલય માયા, સુખદ છાયા
પૂનિત કાયા અચળ સ્મરણે-નમન શ્રી પતિને—

વત્સલા-સખીઓ— ૧

જો સખી નંદન વન પુષ્પ કળી આ વિકસી પુર પરાગે;
રસ ભોગી ભ્રમરાને ભેટીને લુબ્ધ કરે અનુરાગે.
બાળ મટીને યૌવન પામી, લજ્જિત વાતે જણાએ છે;
ઉન્નત છાતી કટી લચકાતી વાલમ મળવા વાધે છે.—જો સખી.
મદ ભર લોચન તલસે છે, અંગ અનંગે વિલસે છે.
રસ ભીનાને મળવાને, આલી! અધીરી થા શાને?
જાઓ, જાઓ, ના સતાવો, ના બનાવો
હારી હું વ્યંગ ભરેલ વિનોદે .... જો સખી.

૨

વત્સલા, ચંદ્રિકા, અને સખીઓ—

ઘેલીરે બ્હેની રીસ ન કરીએ, છોડ ચાળા.
પ્રેમીરે પ્રેમ બોલ બોલેરે, મરમાળા
પજવો છો શાને નયનો નગાવી અણીયાળાં?
શાને સતાવો ભોળી બાળા?— ઘેલી રે
અંતરની કોમળ કળીઓ જો, ને ખીલે છે બ્હેની,
નયનો અમીરસ કેવો જો,ને ઝીલે છે બ્હેની.
જાણું તમારા સહુ ચાળા—ઘેલીરે

વરસલા— ૩

પ્રેમ બંધને જે બંધાયો પ્રમદા પ્રેમ વીણા તારે
પ્રાણ જતાં પણ પરહરવાનુ દૂષણ નવ શીર પર ધારે
સ્વામીની મન વચને નારી, પ્રતિમા પૂજે પ્રભુ ધારી—પ્રેમ.
તારણહારો એજ મને તારે, ભવ અટવીથી ભામા ઉગારે;
નામ નિરંતર રસના રટતાં તરશું સંસારે
તાંતિજી તરશું સંસારે— પ્રેમ.

ગરબો

ક્ષત્રિયઓ— ૪

આ વિશ્વ ડોલે છે બંસરીના નાદમા.
મધુર નાદે (૨) વ્યાપે પ્રણવ શબ્દરે,
જો, જો, મુનિઓ ઉચ્ચારે વેદ ગાનમાં.— આ વિશ્વ.
અમી ઝરતો વિકાસે વ્યોમે ચદ્રમા,
જ્યોતિ વર્ષે અવનિ તરૂ વૃદમા.
દિવ્ય તેજે (૨) આ વિશ્વ સવ ન્હાયરે,
ભૂલે વિરહિણી દેહ ભાન કામમાં —આ વિશ્વ.
અગ્નિ વરૂણ ને વાસવ ભાનુ, ચદ્ર તથા યમરાજ બિચારા.
કંપતો કાળ કટાક્ષથી જેના, વિશ્વ વિહારી છે વિશ્વથી ન્યારા,

શીવ સનકને નારદ આદિ, ધરે નિરંતર ધ્યાન સમાધિ,
એ અવિનાશીના નામ સ્મરણુથી, દૂર થતા સહુ આધિ ઉપાધિ
પ્રગટયા હરવા ભુમી ભાર, કમળા કાન્તજી રે;
કરવા દુષ્ટોનો સહાર, શ્રી યદુનાથજીરે;
એવા મોક્ષ પતિને શીશ નમાવી નમીએ વારંવાર,
ચરણે નમીએ વારંવાર.— આ વિશ્વ.

અભિમન્યુ— ૫

દુર્ભાગ્યની ન્યારી કૃતિ
પલટાવતી જગની ગતિ
રાજ્ય સ્વામી રંક થાયે.......
પામર થાયે ભૂપતિ—દુર્ભાગ્ય.
દુઃખના ભણકાર વાગે
સંપત્તિને પાંખ લાગે
મુઢ જ્ઞાની જન મનાએ
માનવી હારે મતિ—દુર્ભાગ્ય.

વારાંગનાઓ— ૬

હેરી સખી! બીસર ગયો પરદેશી.
રજની બીતાઉ સજની મય કયસી?—મોહે.
બાંકી કમ ને મોરો મનહર લીનો,

જીયા મીઠી બાતે પરબશ કીનો;
મારે નન્દનો કે બાન અચસી—હાં હાં—મોહે.
બઇયા પકર મોરી મરોરી કલાઇ
ચુમી ચુમી મેટે ગોદી લગાઇ
ભોલી ભુલી મય ભાન આગી હા હા—મેહે.

સુભદ્રા— ૭

મોહમયી મગા જાળે જીવ લટાયો છે ભારી;
પીવા ધારે ઝકળ વારી.
લેશ નહિ તે તૃપ્તિ પામે,
શાન્તિ સદને ન વિરામે,
નિયત સ્થાન મન ન ધારી . . .. .. મોહ.
આવરણ છે આશા ભારી,
તારણ તૃષ્ણા દે નિવારી,
સારંગ પાણી દે સહારી .. . ..મોહ.

અભિમન્યુ— ૮

વિજય માળ વરૂ હુ આજ ધરી અસી કરમા
મરણ શરણ અરિ કરિને . .... . વિજય.
સુભટ વિકટને ઝપટ દપટ કરી

નિધન ઉર થકી ભય વિલય કરી.... .... વિજય.
કીર્તિ હુ નીજ કુળની, રેલાવુ, મહી તળમાં, નભદળમાં.
દનુજ હણીને, સુખદ આજ રમણી લાવું,

વૃંદા— ૯

રસનિધિ છોળે ખીલ્યુ તન છલકાય,
તન છલકાય અંગે રસ ઉભરાય—રસ
જુવાનીનું નાવ મારૂ અનંગ તોફાને
વિરહના મોજા માહિં અતિ અથડાય.—રસ
સિરીષ સુકોમળના સમા, કોમળ અંગ અપાર;
સમય વિતતાં વિરહમા, સૌરભ સર્વ અસાર.
નાજુકડી આ કરમાળા, પહેરાવે કયાં જઇ બાળા ?
આવો, કોઇ આવો, લટકાળા !—રસ

લક્ષ્મણ અને વૃંદા— ૧૦

આવો આવો રંગભીના રસીલા! પાકયાં પ્રેમી ફળ ચાખીએ
ધીરા અધીરા હો છેલા છોગાળા લોકોની લજ્જા તો રાખીએ
લજ્જા નિવારો ન જાઓ નવેલી કેલી આ કુંજમાં જમાવીએ
જાણી અજાણી આ બાળા બિચારી એકાંતે આમ ન સતાવીએ

{ અરે છોડો છોડો મારી વેણી છુટી ગઇ }
{ બસ હવે મારી ધીરજ ખુટી ગઇ }

સુંદરી ચાલો ચાલો રસકુંજમાં, માણીએ મીઠી મજા આનંદમાં
{ અરે એ કુંજ તો છે કામણગારી
{ છતાં પ્રેમ પાઠ ભણવામા છે બહુ સારી }
પ્રેમ પોથીના પાઠ હુ પઢવુ, વેદ પંચમના મંત્ર હું
ભણાવુ—સુંદરી૦
રંગે રમાઇ રસીલા રતિના શાણી શ્યામાને લોભાવીએ
હૈયામાં થાલીને હેતે પ્રીતમને પ્રેમી પ્રસાદી ચખાડીએ

અભિમન્યુ— ૧૧

વિષમ વન ઘન આ, ભયકાર
છાયુ તિમિર મહી તળે, ને નભમા.—વિષમ૦
દુ:ખદ બિમ્ટ વદન વિકાસે રજની
ભ્રાન્ત ભારી, હૃદય હારી, વિચરે
કર ઉદ્ધાર અનળ ધાર પ્રીય શર!—વિષમ૦

વત્સલા— ૧૨

નહિ ચેન આવે રે, પ્રીતમને કોઇ બતાવે;
હૃદય નીરે આગ ઓલાવે.—નહિ૦
વાદળી ! વ્યોમે જતાં જો, ને;
ઉચા દ્રુમ ! સદેશ કંઇ કો'ને;
માગ પીયુ ક્યાયે દેખાયે ?
પીયુ વિના સહુ સૂનું જણાયે—નહિં૦

ચંદ્રિકા— ૧૩

રીઝાવું રસ ભીનાને હું રતિ રસ ઢોળી
ભીંજાવું પ્રેમ ધારા માહિ બની બાળ ભોળી-
મુગ્ધા પ્રેમ પિપાસુ ભોગી એજ મધુકર યાચે છે.
પ્રેમ ઘેલી આ બની સારિકા શુકના સ્વર પર નાચે છે.
શુકને પીંજર પુરી રાખુ (૨) અમૃત રસમાં બોળી—રીઝાવુ૦
સજી શીયળની કથા અંગે યૌવનને શ્રગારીશું
નાથ નામની માળા ધારી ધ્યાન નીરતર ધારીશુ
એ યોગીની સ્નેહ યોગિની (૨) પહેરી પ્રેમની ઝોળી—રીઝાવું

વત્સલા— ૧૪

દીલના આરામ શું કામરે, સતાવો હાં—
રટતી હુ અતિ, દિનરેન (૪)
પ્રેમના કોલની નહિ આપને કદર જરી,—
ગઇ કયા હા મતિ ?—
આવો અતરના સ્વામી, તમવીણ છે કાય નકામી,
તજતાં અબળાને વ્હાલા, નિર્દય કહેવાશો લાલા,
સમતા સુરતી મે ખોઇ, પ્રીયતમ બતલા વો કોઇ,—આવો૦
રોમે રોમે છો રસીયા, પણ હા સ્હામે ના વસીયા
વનિતા વ્હાલમ વીણ કયા જઇને, દુખડા કહેવાની?—આવો

પ્રથમ અંક સમાપ્ત

અંક બીજો

વારાંગનાઓ— ૧૫

રસ ભીના કરો રસપાન
મધુ પીઓ બનો ગુલતાન—રસ૦
આ જુવાની, મોજ માની, લુંટો રસીક સરદાર!—મધુ૦
છે ગુલાબી, રંગપાણી, પ્રેમે પીઓ દિલદાર!—મધુ૦
મદભર મદિરા મદ હરે નયને નેહ નિવાસ
પાન ઉભય રસનુ કરી રમો રતિરસ રાસ—મધુ.

કાલિંદી— ૧૬

હું ન જાણુ આ વેદના શી થાયે ?
કર્યું કામણુ આ કોઈનુ જણાયે.
નેણુ માંહિં લજ્જા શાને આવતી રે ?
ગતિ ચરણોની મદ શાને લાગતી રે ? શું શુ થાયરે...
કોમળ કપોલ શી અધીરતા બતાવે ?
દેહમાં વિકાર વાર વાર શો સતાવે ?
આગ અંગમા જણાય કંચુકી, કસાય અરર હાયરે
મદન મોહનને કોઇરે બોલાવો.......હુ ન જાણું૦

કાલિંદી અને સખીઓ— ૧૭

મારી ધીમે, આ નેનની કટારી, રસીલી રીસધારી
રીઝાવજે મોરારી........
ને અરસપરસ પ્રેમ સરસ ઉભય ઉરમાં ધારી....મારી૦
પ્રેમ પાસમાં, ને વિલાસમાં હુ ન આશમાં
બનાવના બિચારી.
પ્રેમ લ્હાણી, સમાણી, ન જાણી.
સલુણાની સંગમાં વિહારી—મારી૦

માલતી— ૧૮

મોહન તારી મોરલીરે વૃજનારને વેરણ થઇ
મારૂં કોમળ સુરે કાળજુ કોર્યું, ચિતડુ ચોર્યું સહી-મોહન૦
આમ મને તો કાંઇ ન સુઝે સાભળતાં શુદ્ધ ગઇ
શરદ પુનમની રાતે નદી તટ રમવા અધીરી થઇ-મોહન૦
માત પીતા તણી લાજ મુકીને મોહન મળવા ગઇ
દીન દયાળ દેખી દુ:ખ વામી લ્હાવો નેણાનો લઇ-મોહન૦

શ્રીકૃષ્ણ અને ઘટોત્કચ ૧૯

સકામ ભક્તિ સહુ કરે નહિં નિષ્કામ વિચાર;
સ્વર્ગ વૈભવો સહુ ચહે તજી મોક્ષનુ દ્વાર.
યજન કરી યાચેરે સદન સુખનું

વાસના ન વિદારે, અમર આશ ધારે
અજ્ઞાની નવ જાણેરે તારણ તનનું.......યજન૦
તાપ પાપ હારક પ્રભુ ભક્ત ઉદ્ધારણહાર
ભાવ અભાવે જે ભજે તરે વિકટ સસાર,
માયિક જાળ ભારે શરણ ઇશ તારે અજ્ઞાની.... ...યજન

ચંદ્રિકા ૨૦

રસીલીની સંગે, લેવા લ્હાવે', પ્રીયતમ રીઝાવે,
નીરખી સ્નેહા રતિ અવતાર.... ...
વિવશ વલ્લભ આશ વિલાસથી.
રીઝવવા લલચાય.
પાલવ અંબરનો કર સાહી
વિનવતાં શરમાય, પીયુ હરખાય—રસીલી૦
સ્પર્શ થતાં લવ લેશ પરસ્પર.
યુગ્મ રોમાચિત થાય.
અંક નિશંક વસે નિશિ વાસર.
મન્મથ તાપ સમાય, સુખ સમઝાય—રસીલી૦

વત્સલા અને અભિમન્યુ ૨૧

પતિમાં પ્રભુ સમ રાખે પ્યાર, સફળ તે નારતણો સસાર.
ઇશ અનેરો છે ન અમારો, સ્વામી કરે ભવપાર,

કલ્પ વૃક્ષએ કંથમાં છે, શ્યામ સ્વર્ગ આકાર........સફળ૦
અમર દેવ પતિ પ્રભુ તજીને અન્ય ભજે શું સાર ?
નાથ નગીના નાવિકધી આ નાર નાવ તરનાર.......સફળ૦
ધન્ય ભાગ્ય તે પુરૂષ રૂપનું શીયળવ્રત જો નાર.
તોડી હજારો પાપ તાંતણા સાધે મોક્ષનો તાર........સફળ૦

શ્રીકૃષ્ણ અને અભિમન્યુ ૨૨

છે ધન્ય પ્રેમી દંપતિ. જ્યા પ્રેમ જ્યોતિ ઝળહળે,
શાન્તિ સુધા વર્ષાવતી જોડી જુગો જુગ આ મળે.
છે જાળ માયા આ વિકટ તે પુર્ણ બ્રહ્મ ! વિદારજો
કુળ ધર્મને ધારૂ નિરંતર પ્રાર્થના સ્વીકારજો.
મૃત મને સંજીવન આપી, દુખી આ દેહ ઉગાર્યો આજે.
લોહ મટયો પારસને પામી મેહ અમી વરસાવ્યો આજે
ભવ સાગરથી લ્યો ઉગારી . .. .
શુભમતિ નિશદિન ઉરમા સ્થાપો, યાચું છું આભારી આજે.

લક્ષ્મણ અને શકુની ૨૩

જુના ધારાને હવે ઝાડુ મારી
ભૂપતિ થઈ નામ કહાડું ભારી
બોલવું વાહ વાહ બદાના નામની—જુના૦

ખામી તેં બુદ્ધિની રાખી લગાર છે
હૈયામાં અકકલનો જામ્યો ભંડાર છે—જુના૦
લોકોમાં ગાણાં ગવાગે ગમારનાં
તોપણ આનંદેથી રહીશું રે ભારમાં—જુના૦

ભાનુમતિ અને સખીઓ ૨૪

નિહાળો શોભા સારીરે, અનુપમ રચના ન્યારીરે
યાદવ વૈભવનો નહિ પાર, ત્રિભુવન પતિની બલિહારી.
કુંદન મ્હેલો જ્યા ચમકે, ધ્વજાઓ શીખરે જો ફરકે
મણીમય તોરણીયાં ઝળકે—ત્રિભુવન૦
સરોવર પુષ્પ થકી મ્હેકે, પરિમળ મીઠી જ્યાં બ્હેકે
મ્હાલે લલનાઓ લ્હેકે—ત્રિભુવન૦

વૃંદા અને સાહેલીઓ ૨૫

તું સાંભળ વાતો મનનીરે સહેલી, અરે વાહ ઘેલી
હુ શરમાઉં છુ તમથીરે સાહેલી, તુ મન મેલી.
હુ ના ઇચ્છું રસહીણ પતિ, જે ના જાણે સસાર ગતિ;
હૈડે ધારૂ રસરાજ અતિ ..... સાહેલી
મુજને નીરખી સહુ કાજ ભુલે, બસી નાદે વિષરાજ ડુલે
મમ સ્નેહ ઝુલે દિન રેન ઝુલે ....સાહેલી.
વિયોગ મહિ જપતો માળ, સયોગ થતાં પજવે બાળા
વા, વા, હૃદયે શા ઉછાળા વરચેલી....... . સાહેલી.

રૈવતી અને અહિલા મડળ ૨૬

સાજન મારે આજ આંગણુ આવો
મારો મડપ સાજ દીપાવો...........સાજન
મોઘાં મુલનાં મોતી મગાવુ રે
રૂડી રચનાથી હાર ગુથાવું રે
વરરાજાને કઠ સોહાવું ....સાજન૦
હવે હસ્ત મેળાપ રચાવુ રે
શુભ મંગળ આજ વરતાવુ રે
વર કન્યાના કોડ પુરાવું ....સાજન૦

અંક બીજો સમાપ્ત



અંક ત્રીજો.

સુભદ્રા— ૨૭

પ્રણુત પાળ જગદાધાર દયાનીધિ રમાપતિ
પ્રબળ પાસ માયા તણો, તાપ પાપ સર્વ હણો
દયા કરી હરી, ઉગારો આપી સન્મતિ—પ્રણુત૦
જગત યંત્ર યંત્રકાર, જગતના જીવન આધાર
સુધા ભરી જરી, નજર કરો જગત પતિ—પ્રણુત૦

૨૮

વત્સલા અને અભિમન્યુ—

પીયુ! પહેરાવું કુસુમની માળ
પ્રીતેથી પ્હેરો રણવીર હુ વારી—પીયુ૦
ધવલાં આ ફુલડાં સરીખો
અવનિમાં સુવિમળ યશ ધારી—પીયુ૦
બાહુ બળને દરશાવી ધારા શોણિત વરસાવી
રણભુમિને દીપાવી વ્હેલેરા મળજો આવી
સહાયક શ્રી કૃષ્ણુ મોરારી—પીયુ૦

...હ્પણુ— ૨૯

...રો નિરંતર ધ્યાન હો ભ્રાતા, ધારો દયાનું ધ્યાન
ક્ષમાને હૃદયમાં રાખી અરિ નવ હણીએ હાર્યો
કીર્તિ મળેલી એળે જાય એથી
અપયશ અતે એથી જગમાં ગવાયે—ભ્રાતા .... .
રિપુજન પરવશતાના પારો પાકમાં બાધે
દોષો વિસારી ગુણ ગાય જ્ઞાની
પરિમળ પ્રેમે સરવે અરિનુ શમાયે—ભ્રાતા

વૃંદા અને સખીઓ ૩૦

ઘેલી સાહેલી વેલી વેલી પ્રીતમ પાસ જા ..
યૌવન ખીલાવ જા, વાસા વિકાસ જા ..
અંતર અલબેલો, હુ રાખુ રસઘેલો, મનાવી
મન્મથ શમાવું, રસ કેલી જમાવું, રીઝાવી
મોહી મદ ઘેલી તુ માજા સંભાળજે
શમા રતિ રસ રીત રેલાવજે—ઘેલી૦

વૃંદા અને લક્ષ્મણ— ૩૧

રંગે રેલાવું હેતે ઝુલાવું

હૈયા હીંચોળે પ્રીતિની, રીતે, રસીલા મારા—રંગે

મધુરી છો મનહર મારી! હું છું આધીન તારે

શય્યા સુખદ આપુ, પ્રેમ મંદિર મારે—હૈયા૦

અમૃત ઝરતું આ મુખડું, પાઓ પીઓને પ્રીતે

ખીલ્યું નવરંગે તનડું, લુટો રતિની રીતે

રસ ભીનારે રજની રંગે માણશુ—હૈયા૦

સુચના.

દીગેના નાટકના એગેચુ શ્રી આર્ય નાટ્ય સમાનો મુકામ જ્યાં હશે ત્યાંથી મળશે માટે જે સાહેબે જોઈતા હોય તેમણે એક રોકડી કિમ્મતથી મંગાવી લેવી. વી પી થી મોકલવામાં આવશે નહિ નોટ કાગળ રાખવામાં આવશે નહિ

૧	સરસ્વતીચંદ્ર	(આવૃતિ ૯ મી)	૦—૨-
૨	બોલતો કાગળ	(,, ૬ ઠી)	૦—૨-
૩	જાલીમ દુનીયા	(આવૃતિ ૨જી)	૦—૨-
૪	સિદ્ધાર્થ બુદ્ધ	(આવૃતિ પહેલી)	૦—૨-
૫	દેવી દમયંતી	(આવૃતિ બીજી)	૦—૨—૦
૬	ચાલુ જમનો	(આવૃતિ પહેલી)	૦—૨—૦
૭	દગાબાજ દુનિયા	(આવૃતિ પહેલી)	૦—૨—૦
૮	દેવી દ્રોપદી		૦—૨—૦
૯	ધર્મ નિષ્ઠ મયુર ધ્વજ		૦—૨—૦
૧૦	આર્ય વિજય		૦—૨—૦
૧૧	અમરેન્દ્ર યોગીન્દ્ર		૦—૨—૦
૧૨	બાદશાહી હોસ		૦—૨—૦
૧૩	પ્રતાપી પ્રેમાના		૦—૨—૦
૧૪	ચીતોડનો કરણ	(ભાષણ સ ગીત)	૦—૮—૦
૧૫	કામલતા	(,,)	૦—૮—૦
૧૬	સત્યવાદી હરિશ્ચંદ્ર	(,,)	૦—૮—૦
		(,,)	૦—૮—૦

સાહેબ બાઈ શ્યામકુંવર.

શ્રી આર્ય નાટ્ય સમાજની સ્વામીની.